**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 07/06/2021 Accepted on : 21/06/2021 Publication Date: 30/06/2021

# ખેતમજૂરોની સામાજિક-આર્થિક સ્થિતિનો અભ્યાસ (વડાલી તાલુકાનાં નાદરી ગામના સંદર્ભમાં)

**સોનલ જે. પંડ્યા**
**પીએચ.ડી સ્કૉલર (અર્થશાસ્ત્ર), હે.ઉ.ગુ.યુનિ.,પાટણ.**
Email - drpashrimali@gmail.com

**સારાંશ :** પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં નાદરી ગામમાં ખેતીક્ષેત્રમાં રોકાયેલા ખેતમજૂરોની આર્થિક-સામાજિક સ્થિતિના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં ખેતીક્ષેત્રમાં કામ કરતાં મજૂરોના પ્રશ્નો જેવા કે કામના કલાકો, વેતન પ્રમાણ, મજૂરીના દરો, શોષણનું પ્રમાણ, બેકારી, ગરીબી, આવક અને બચત તેમજ તેમના જીવનધોરણના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંશોધન અભ્યાસથી ખેતમજૂરોની આર્થિક-સામાજિક સ્થિતિનો અંદાજ મેળવી ને તેમને લગતા પ્રશ્નોનું નિવારણ તેમજ ભવિષ્યને લગતા સૂચનો રજૂ કરવામાં આવેલ છે.

**મુખ્ય શબ્દો :** ખેતમજૂરો, આવક, બચત, રોજગારી, બેકારી, ગરીબી, આર્થિક-સામાજિક, અર્થતંત્ર.

## 1. પ્રસ્તાવના :

આપણે સૌ જાણીએ છીએ કે વિશ્વમાં ભારત ખેતીપ્રધાન દેશ તરીકે ઓળખાય છે. ભારતની કુલ વસ્તીના ૭૦% વસ્તી કૃષિક્ષેત્ર પર નિર્ભર છે. ભારતમાં કૃષિક્ષેત્રને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જૂ કહેવામાં આવે છે. ભારતીય કૃષિનો ફાળો રાષ્ટ્રીય આવકમાં નોંધપાત્ર રહ્યો છે. ભારત દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. ગામડાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેઓ ખેતી પર નિર્ભર છે. ખેતીક્ષેત્રમાં નાનાં ખેડૂતો, સીમાંત ખેડૂતો, મધ્યમ ખેડૂતો, મોટા ધનિક ખેડૂતો, ગણોતિયાઓ અને ખેતમજૂરોનો મોટો વર્ગ સંકળાયેલો છે. જેમાં ખેતમજૂરોનો વર્ગ ખૂબ દયનીય સ્થિતિમાં છે. ભારતમાં અન્ય વ્યવસાયની સરખામણીમાં ખેતીક્ષેત્રે મજૂરોનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેમજ સૌથી વધૂ બેકારીનું પ્રમાણ ગ્રામીણ વિસ્તારોમાં વધારે જોવા મળે છે. વર્ષ ૧૯૬૦માં પ્રકાશિત થયેલા કૃષિ મજૂરપંચના અહેવાલ પ્રમાણે કૃષિક્ષેત્રમાં ૮૫% કૃષિમજૂરો રોકાયેલા છે. જેમાં અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના લોકોનો સમાવેશ થાય છે.

ભારતમાં કૃષિક્ષેત્રે મુખ્યત્વે વરસાદ પર આધારિત છે. ભારતના અમુક રાજ્યોને બાદ કરતાં દરેક રાજ્યમાં વરસાદનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જેને પરિણામે કૃષિઉત્પાદન નીચું રહેવા પામ્યું છે. બીજી બાજુ સિંચાઈની અપૂરતી સવલતો પણ કૃષિક્ષેત્રની નીચી ઉત્પાદકતા માટે જવાબદાર છે. જેને લીધે ખાસ કરીને માત્ર ચોમાસા દરમ્યાન ખેતીમાં રોકાયેલા ખેતમજૂરોને રોજગારી મળી રહે છે. બાકીના સમયમાં તેઓ બેકાર અવસ્થામાં રહે છે.

મજૂરીદરના સંદર્ભમાં શ્રી બાલ્કૃષ્ણે વર્ષ ૨૦૦૪માં તેમના એક અહેવાલમાં જણાવ્યું કે ભારતીય કૃષિ અંતર્ગત સારી કૃષિ સીઝનમાં કૃષિ કામદારને મહિનામાં સરેરાશ ૨૦ દિવસ કામ મળે છે, જ્યારે શિખર કૃષિ મૌસમમાં તેમને લગભગ ૨૫ દિવસનું કામ મળે છે. ગામમાં સ્થાયી થયેલા કામદારએ અભિપ્રાય આપ્યો કે તેઓ ગામના ખેડુતો માટે વર્ષભર સંપૂર્ણ સમય કામ કરે છે. અન્ય કામદારો અને કૃષિ સાથે સંકળાયેલા કામદારોના કામના આધારે ૧૨૦ થી ૧૫૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. જે તેમની કામ કરવાની પ્રકૃતિના આધારે વેતન અલગ પડે છે. કૃષિક્ષેત્રે પુરૂષ કામદારોને કાર્યરત મહિલા કામદાર કરતાં ૧૨૦ રૂપિયા વેતન વધુ ચૂકવવામાં આવે છે. બાલકૃષ્ણન દલીલ કરે છે કે ગ્રામીણ કૃષિમાં કામદારોની નોંધપાત્ર ભૂમિકા છે. અને તેઓ જે કામ કરે છે તેના આધારે વેતન ચૂકવતા નથી પરંતુ તેઓ સામાન્ય રીતે ઓછા ચૂકવે છે. શ્રીકાંતે પણ (૨૦૧૧) પોતાના અધ્યયનમાં પુરુષ અને મહિલા કાર્યકર માટેના વેતનમાંના ફેરફારોનું અવલોકન કર્યું છે. ગામના કાર્યકર ખેતીમાં સંપૂર્ણ સમયના કામદારને સમાવિષ્ટ કરતા નથી જ્યારે સ્થાયી કામદાર સંપૂર્ણ સમય કામદાર તરીકે કામ કરે છે. અમુક કામદારો એક એકર કરતાં ઓછી અથવા એકર કરતા ઓછી ખેતી કરે છે. જ્યારે તેમની પાસે કૃષિ-કૃષિ જમીનોમાં કામ હોય છે ત્યારે તેઓ ગામમાં અન્ય ખેડુતો માટે કામ કરતા નથી. તેઓ જણાવે છે કે ગામમાં સ્થાયી થયેલા મજૂરો પાસે તેમના મૂળ સ્થળો પર કોઈ કૃષિલાયક જમીનો નથી જેથી તેઓ ખેતીમાં વધુ સારી રોજગારી મેળવી શકે, પરિણામે તેઓ અન્ય કૃષિલાયક જમીન પર સ્થળાંતર કરે છે. તેઓએ તેમના સંબંધીઓની સહાયથી અને ભૂતકાળમાં સ્થળાંતર કરાયેલા તે જ ગામલોકો પાસેથી અભ્યાસ ગામની અસ્થિર પસંદગી મળી. ભારે મશીનરીની રજૂઆતથી ખેડુતો માટે ઉત્પાદન અગણિત ખેતીમાં વધારો થયો અને તે જ સમયે મજૂરોની રોજગારની સ્થિતિને પણ હદ સુધી અસર થઈ. પરંપરાગત ફાર્મ પદ્ધતિઓ અભ્યાસ ગામમાં તાજેતરના વર્ષોમાં અત્યંત આધુનિક ટેક્નોલૉજી ધરાવતી મશીનરીનું પ્રમાણ વધવાથી ખેતમજૂરોના કામના દિવસોની સંખ્યા ઓછું થવા પામી છે. આથી ખેતરમાં કામ કરનારાને સ્થાયી થવાના વિકલ્પો ઓછા છે. કારણે કે ટેક્નોલોજીની સીધી અસર ખેતીમાં કામ કરતાં ખેતમજૂરો પર પડી છે.

## 2. સંશોધન અભ્યાસના હેતુઓ :-

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 07/06/2021 Accepted on : 21/06/2021 Publication Date: 30/06/2021

પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં નાદરી ગામના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. જેમાં ગ્રામીણ ક્ષેત્રમાં ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોની આર્થિક-સામાજિક સ્થિતિ અંગેના પ્રશ્નો જેવા કે રોજગારીના દરો, કામના કલાકો, કામ સામે વેતન પ્રમાણ, આવકનું પ્રમાણ, બચત પ્રમાણ, રોજગારીનું પ્રમાણ, જીવનધોરણ, સુખાકારી વગેરેને આવરી લેવામાં આવેલ છે. સંશોધન અભ્યાસ અંતર્ગત કેટલાક હેતુઓ અનિવાર્ય બને છે.

- ખેતીક્ષેત્રમાં રોકાયેલા ખેતમજૂરોમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તે જાણવું.
- ખેતીક્ષેત્રમાં ખેતમજૂરોમાં આવક અને બચતનો અભ્યાસ કરવો.
- ખેતમજૂરોને મળતી રોજગારી સામે વેતન અંગેનો અભ્યાસ કરવો.
- ખેતમજૂરોની આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવો.
- ખેતમજૂરોના જીવનધોરણમાં થયેલા ફેરફોનો અભ્યાસ કરવો.

### 3. સંશોધન અભ્યાસની પરિકલ્પના :-

સંશોધન અભ્યાસ માટે પરિકલ્પના અતિમહત્વનું સ્થાન ધરાવે છે. પરિકલ્પના દ્વારા પ્રસ્તુત અભ્યાસને કેન્દ્ર સ્થાને રાખીને અંદાજ મૂકવામાં આવે છે. તેમજ મેળવેલ પ્રાથમિક અને ગૌણ માહિતીનું પૃથ્થકરણ કરી તેની ચકાસણીને આધારે તારણો અને સૂચનો રજૂ કરવામાં આવે છે જે ભાવિસંશોધન માટે મહત્વના પુરવાર થાય છે.

- ખેતમજૂરોમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે.
- ખેતમજૂરોમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
- ખેતમજૂરોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
- ખેતમજૂરોમાં મિલકતનું પ્રમાણ નહિવત જોવા મળે છે.
- ખેતમજૂરોમાં સરકારી યોજનાઓની જાણકારીનો અભાવ જોવા મળે છે.

### 4. સંશોધન પદ્ધતિ :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાથમિક અને ગૌણમાહિતીના આધારે માહિતી એકત્રિત કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક માહિતી વડાલી તાલુકાનાં નાદરી ગામમાં ખેતી સાથે સંકળાયેલા ખેતમજૂરોની રૂબરૂ મુલાકાત લઈને પ્રશ્નોત્તરી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી છે. જ્યારે ગૌણ માહિતી એ સંશોધન અભ્યાસ અંતર્ગત સામાયિક, વર્તમાનપત્રો, સંદર્ભો અને ઈન્ટરનેટના માધ્યમ દ્વારા એકત્રિત કરવામાં આવી છે.

### 4.1 નમૂના (સેમ્પલ) પસંદગી :-

પ્રસ્તુત અભ્યાસ વડાલી તાલુકાનાં નાદરી ગામમાં ખેતીસાથે સંકળાયેલા ખેતમજૂરો પર કરવામાં આવ્યો છે. વડાલી તાલુકાનાં ગ્રામીણ વિસ્તારમાં ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ૫૦ ખેતમજૂરોને યદ્દછ નિર્દેશન પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા છે. પસંદ કરેલા ખેતમજૂરો પાસેથી પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી સ્વરૂપે રૂબરૂ મુલાકાત લઈને એકત્રિત કરવામાં આવી છે. એકત્રિત કરેલ માહિતીનું પૃથ્થકરણ કરી તેનાં તારણો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. જે ભાવિસંશોધન માટે માર્ગદર્શક બની રહેશે.

**4.2 માહિતીનું પૃથ્થકરણ (પરિકલ્પના ચકાસણી) :-** પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાના નાદરી ગામમાં ખેતીક્ષેત્રમાં રોકાયેલા ખેતમજૂરો પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે પરિકલ્પનાની ચકાસણી કરવામાં આવેલ છે.

- **ખેતમજૂરોમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે ખેતમજૂરોમાં શિક્ષણનું પ્રમાણ જોતાં કુલ ૫૦ ખેતમજૂરો પૈકી મોટાભાગનાં ૩૦% ખેતમજૂરોએ પ્રાથમિક અને ૨૭.૫% ખેતમજૂરોએ ઉચ્ચ. માધ્યમિક સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. જ્યારે ૧૭.૫% ખેતમજૂરો નિરક્ષર જોવા મળ્યા હતા. આથી, સંશોધન અભ્યાસ અંતર્ગત કહી શકાય કે ખેતીમાં રોકાયેલા ખેતમજૂરોમાં એકંદરે શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે.

**(શિક્ષણનું પ્રમાણ)**



- **ખેતમજૂરોમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોમાં આવકનું પ્રમાણ જોતાં પસંદ કરેલ કુલ ખેતમજૂરોમાં વાર્ષિક પ્રાપ્ત થતી આવકમાં ૭૧.૮% ખેતમજૂરો વાર્ષિક ૩૦ થી ૪૦ હજાર સુધીની આવક મેળવે છે, જ્યારે ૨૫.૬% ખેતમજૂરો ૪૧ થી ૫૦ હજાર સુધીની વાર્ષિક આવક મેળવે છે. જે તેમની કામની સામે પ્રાપ્ત થતાં વેતનના અનુસંધાનમાં ઓછી જોવા મળે છે. આથી, સંશોધન અભ્યાસના આધારે કહી શકાય કે ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોમાં આવકનું પ્રમાણ ખૂબ ઓછ જોવા મળ્યું છે, કરણ કે ખેતમજૂરોને વર્ષમાં માત્ર ચોમાસા દરમ્યાન કામ મળવાપાત્ર થાય છે. બાકીના સમયમાં તેઓને બેકાર બેસી રહેવું પડે છે. જેથી અન્ય કોઈ જગ્યાએ કામ ન મળતા તેઓ બેકારીની દિશા તરફ ધકેલાય છે. પરિણામે તેઓમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

**(આવક પ્રમાણ)**




- **ખેતમજૂરોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોમાં બચતનું પ્રમાણ જોતાં કુલ ખેતમજૂરો પૈકી માત્ર ૫૫% ખેતમજૂરો આવકના અનુસંધાનમાં બચત કરતાં હતા. જે પ્રમાણ કુલ ખેતમજૂરોની સરખામણીમાં ઓછું જોવા મળ્યું હતું. આમ, સંશોધન અભ્યાસના આધારે કહી શકાય કે ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે. કારણ કે અમુક ખેતમજૂરો નિરક્ષરતાને કારણે અને ઓછી આવકને લીધે બચત કરી શકતા ન હતા. જે અંગે ૫૬.૫% ખેતમજૂરોના મતે તેઓ મર્યાદિત આવકને કારણે બચત કરી શકતા ન હતા, જ્યારે ૩૪.૮% ખેતમજૂરોના મતે તેઓ ખેતમજૂરીમાંથી પ્રાપ્ત થતી આવક સામે ખર્ચનું પ્રમાણ વધારે હોવાથી તેઓ બચત કરી શકતા ન હતા. જેને પરિણામે ખેતી સાથે સંકળાયેલા ખેતમજૂરોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે.

**(બચત પ્રમાણ)**



- **ખેતમજૂરોમાં મિલકતનું પ્રમાણ નહિવત જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોમાં મિલકતનું પ્રમાણ જોતાં કુલ ખેતમજૂરો પૈકી ૫૭.૫% ખેતમજૂરો મિલકત ધરાવતા હતા. જેમાં મોટાભાગનાં ૬૮% ખેતમજૂરો પાસે મિલકત સ્વરૂપે મકાનનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું હતું. જ્યારે ૨૦% ખેતમજૂરો પાસે માલીકીની જમીન, ૮% ખેતમજૂરો પાસે દાગીના અને ૪% ખેતમજૂરો માલીકીની અન્ય વસ્તુઓ ધરાવતા હતા. આમ, સંશોધન અભ્યાસના આધારે કહી શકાય કે ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોમાં મિલકતનું પ્રમાણ નહિવત જોવા મળ્યું છે.

**(મિકલકત પ્રમાણ)**




- **ખેતમજૂરોમાં સરકારી યોજનાઓની જાણકારીનો અભાવ જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોમાં સરકારી યોજના વિશેની જાણકારી અંગે માહિતી મેળવતા કુલ ખેતમજૂરો પૈકી ૬૨.૫% ખેતમજૂરો સરકારી યોજના વિશે જાણકારી ધરાવતા હતા. જ્યારે ૩૭.૫% ખેતમજૂરો સરકારી યોજનાની જાણકારી ધરાવતા ન હતા. આમ, સંશોધન અભ્યાસના આધારે કહી શકાય કે મોટાભાગનાં ખેતમજૂરોમાં સરકારી યોજનાઓની જાણકારીનું પ્રમાણ એકંદરે સારું જોવા મળ્યું છે.

**(સરકારી યોજનાની જાણકારીનું પ્રમાણ)**




**5. સંશોધન અભ્યાસના તારણો :-**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત વડાલી તાલુકાના નાદરી ગામમાં ખેતીક્ષેત્રમાં રોકાયેલા ખેતમજૂરો પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે પ્રાપ્ત થયેલા તારણો પર નજર કરતાં....

૧. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ખેતીક્ષેત્રમાં રોકાયેલાં કુલ ઉત્તરદાતામાંથી ૫૫% પુરૂષો અને ૪૫% સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

૨. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાની જ્ઞાતિ પ્રમાણ પર નજર કરતાં કુલ ખેતમજૂરોમાંથી મોટાભાગનાં ૫૨.૫% લોકો SC જ્ઞાતિ ધરાવતાં હતા, જ્યારે ૧૭.૫% ST અને ૩૦% ખેતમજૂરો OBC જ્ઞાતિ ધરાવતાં હતા.

૩. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતામાં શિક્ષણનું પ્રમાણ જોતાં કુલ ખેતમજૂરોમાંથી ૩૦% મજૂરો પ્રાથમિક અને ૨૫% મજૂરોએ માધ્યમિક સુધીનો અભ્યાસ મેળવેલો હતો, જ્યારે ૨૭.૫% ખેતમજૂરોએ ઉચ્ચ.માધ્યમિક સુધીનો અભ્યાસ મેળવેલો હતો તેમજ ૧૭.૫% ખેતમજૂરો નિરક્ષર જોવા મળ્યા હતા.

૪. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાં વૈવાહિક સ્થિતિ જોતાં કુલ ખેતમજૂરોમાંથી ૯૦% પરણિત જોવા મળ્યા હતા.

૫. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓ પૈકી ૭૦% ખેતમજૂરો સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. જ્યારે ૩૦% ખેતમજૂરો વિભક્ત કુટુંબ ધરાવતાં હતા.

૬. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાં મકાનની વિગત જોતાં કુલ ખેતમજૂરો પૈકી ૪૭.૫% ખેતમજૂરો પાકા ધાબાવાળા મકાનમાં રહેતા હતા, જ્યારે ૪૦% ખેતમજૂરો પાસે કાચું મકાન જોવા મળ્યું હતું. તેમજ ૧૨.૫% ખેતમજૂરો કે જેમની આર્થિક સ્થિતિ ખરાબ હોવાથી તેઓ માટીના ઘરમાં રહેતા હતા.

૭. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાં મકાન માલીકીની વિગત જોતાં કુલ ખેતમજૂરોમાંથી ૯૨.૫% ખેતમજૂરો પાસે પોતાની માલિકીનું મકાન ધરાવતાં હતા, જ્યારે ૭.૫% ખેતમજૂરો ભાડાના મકાનમાં રહેતા હતા. જે અંતર્ગત માસિક ભાડાની વિગત જોતાં મોટા ભાગનાં ૫૦% ખેતમજૂરો માસિક ૧૦૦ થી ૫૦૦ રૂપિયા સુધીનું ભાડું ચૂકવતા હતા.

૮. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતામાં ખેતીક્ષેત્રમાં ખેતમજુરી સાથે સંકળાયેલા વર્ષનું પ્રમાણ જોતાં કુલ ખેતમજૂરોમાંથી મોટાભાગનાં ૫૦% ખેતમજૂરો કે જેઓ ૧૦ વર્ષથી વધુ સમયથી ખેતીક્ષેત્રમાં ખેતમજુરી કરતાં હતા, જ્યારે ૨૦% ખેતમજૂરો ૫ વર્ષથી અને ૩૦% ખેતમજૂરો ૬ થી ૧૦ વર્ષ સુધી મજૂરીકામ કરતાં હતા.

૯. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાં માહિનામાં પ્રાપ્ત થતાં કામના દિવસોનું પ્રમાણ જોતાં કુલ ખેતમજૂરો પૈકી ૫૭.૫% મજૂરોએ જણાવ્યું કે તેમને માહિનામાં ૧૫ થી ૨૧ દિવસનું કામ મળી રહે છે. જ્યારે ૨૨.૫% મજૂરોએ જણાવ્યું કે તેઓને માહિનામાં ૯ થી ૧૪ દિવસનું કામ મળી રહે છે.

૧૦. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાં દૈનિક કામના કલાકોની વિગત જોતાં ૯૦.૫% ખેતમજૂરોએ જણાવ્યું કે તેઓ દૈનિક ૫ થી ૮ અને વધુમાં વધુ ૧૦ કલાક કામ કરે છે.

૧૧. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાં ખેતમજુરી અંતર્ગત પ્રાપ્ત થતાં દૈનિક વેતનનું પ્રમાણ જોતાં કુલ ખેતમજૂર પૈકી ૫૦% મજૂરોએ જણાવ્યું કે તેમને દૈનિક ૧૫૦ થી ૨૦૦ રૂપિયાનું વેતન પ્રાપ્ત થાય છે. જ્યારે ૩૦% મજૂરોએ જણાવ્યું કે તેઓને દૈનિક ૧૦૦ થી ૧૫૦ સુધીનું વેતન મળે છે. આથી, કહી શકાય કે ખેતીક્ષેત્રમાં કામકરતાં ખેતમજૂરોમાં કામના કલાકો સામે પ્રાપ્ત થતું દૈનિક વેતનનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે.

૧૨. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાં દેવાનું પ્રમાણ જોતાં કુલ ખેતમજૂરો પૈકી ૪૭.૫% ખેતમજૂરો દેવું ધરાવતાં હતા, જે પૈકી ૭૧.૪% ખેતમજૂરો ૫૦૦૦૦ સુધીનું દેવું ધરાવતાં હતા, જ્યારે ૨૩.૮% ખેતમજૂરો ૮૦૦૦૦ સુધી અને ૪.૮% ખેતમજૂરો ૧ લાખ સુધીનું દેવું ધરાવતાં હતા. જે અંતર્ગત ૪૨.૯% ખેતમજૂરોએ સગા-સબંધી પાસેથી અને ૨૩.૮% ખેતમજૂરોએ સહકારી મંડળીમાંથી, ૧૯% ખેતમજૂરોએ બેંકમાંથી અને ૧૪.૩% ખેતમજૂરોએ મિત્ર વર્તુળમાંથી દેવું લીધેલું હતું.

૧૩. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાંથી કુલ ખેતમજૂરો પૈકી ૬૨.૫% ખેતમજૂરો BPL રેશનકાર્ડ ધરાવતાં હતા, જ્યારે ૩૭.૫% ખેતમજૂરો APL કાર્ડ ધરાવતાં હતા.

૧૪. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાં આર્થિક સ્થિતિનું પ્રમાણ જોતાં ૭૫% ખેતમજૂરોની આર્થિક સ્થિતિ મધ્યમ જોવા મળી હતી, માત્ર ૧૫% ખેતમજૂરો કે જેઓની આર્થિક સ્થિતિ ખરાબ જોવા મળી હતી. આથી, કહી શકાય કે ખેતીક્ષેત્રમાં મજૂરી કરતાં ખેતમજૂરોની આર્થિક સ્થિતિ એકંદરે મધ્યમ જોવા મળી હતી.

૧૫. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાં ખેતમજુરી સમયે પડતી મુશ્કેલીઓનું પ્રમાણ જોતાં ૫૨.૫% ખેતમજૂરોએ જણાવ્યું કે તેઓને કામના સામે પ્રાપ્ત થતું ઓછું વેતન છે, જ્યારે ૨૭.૫% ખેતમજૂરોએ જણાવ્યું કે તેઓને ખેતીમાં કામના કલાકોનું પ્રમાણ વધુ છે.

૧૬. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાંથી ૭૫% ખેતમજૂરોએ જણાવ્યું કે તેઓને કામના કલાકો સામે યોગ્ય વેતન મળે છે.

૧૭. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાંથી ૬૨.૫% ખેતમજૂરો સરકારી યોજનાઓ વિશે જાણકારી ધરાવતાં હતા.

૧૮. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતામાંથી ૬૭.૫% ખેતમજૂરોએ જણાવ્યું કે તેઓને ખેતમજુરી અંતર્ગત નવી ટેક્નોલૉજીવાળા સાધનોનો વપરાશ કરતાં આવડતો નથી. કારણકે મોટાભાગનાં ૬૯.૨% ખેતમજૂરોએ જણાવ્યું કે તેઓને જરૂરી માર્ગદર્શન અને તાલીમના અભાવને લીધે યંત્રોનો વપરાશ કરતાં આવડતું નથી, જ્યારે ૧૫.૪% ખેતમજૂરોએ જણાવ્યું કે તેઓ નિરક્ષર હોવાના કારણે યંત્રોનો વપરાશ કરી શકતા નથી.

૧૯. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતાઓમાંથી ૫૨.૮% ખેતમજૂરોએ જણાવ્યું કે ખેતીક્ષેત્રમાં આધુનિક યંત્રોના વપરાશથી તેમની મજૂરીના પ્રમાણમાં ઘટાડો થયો છે.

૨૦. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતામાંથી ૫૭.૫% ખેતમજૂરો પોતાના નામે મિલકત ધરાવતા હતા. જેમાંથી ૬૮% મકાન, ૨૦% જમીન, ૮% દાગીના અને ૮% ખેતમજૂરો અન્ય મિલકતો ધરાવતાં હતા.

૨૧. સંશોધન અભ્યાસ અંતર્ગત ઉત્તરદાતામાંથી ૬૦% ખેતમજૂરોએ સ્વીકાર્યું કે ખેતમજૂરીથી તેઓની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે.

## 6. સંશોધન અભ્યાસના સૂચનો :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાના નાદરી ગામમાં ખેતીક્ષેત્રમાં રોકાયેલા ખેતમજૂરો પાસેથી મેળવેલ માહિતીના પૃથ્થકરણના આધારે પ્રાપ્ત થયેલાં તારણોને આધારે ભાવિ સૂચનો અનિવાર્ય બને છે. જેથી જે પણ મર્યાદા પ્રસ્તુત અભ્યાસ દ્વારા જાણવા મળે છે તે ભાવિ સંશોધન અંતર્ગત ઉપયોગી થઈ ભાવિસંશોધન અભ્યાસની દિશાભિમુખતા દર્શાવવામાં ઉપયોગી પુરવાર થાય છે.

૧. ખેતીક્ષેત્રમાં ખેતમજૂરી કરતાં ખેતમજૂરોને કામના કલાકો સામે યોગ્ય પ્રમાણમાં વેતનની ચૂકવણી કરવી.
૨. ગ્રામીણ વિસ્તારોમાં રહેતા ખેતમજૂરોને ચોમાસા સિવાયની ઋતુઓમાં બેકાર બનીને ન બેસી રહેવું પડે તે માટે ગ્રામ્ય વિસ્તારોમાં સ્વ રોજગારી કાર્યક્રમ અંતર્ગત ગૃહ ઉધોગો શરૂ કરવા કે જેથી ખેતમજૂરોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવી શકાય.
૩. ખેતમજૂરોને ખેતીક્ષેત્રમાં આપનાવામાં આવતા આધુનિક યંત્રો વિશે માહિતગાર કરીને તેમને જરૂરી માર્ગદર્શન અને તાલીમ પૂરા પાડવા કે જેથી તેઓ તેનો વપરાશ કરી શકે.
૪. ખેતમજુરી અંતર્ગત સ્ત્રી અને પુરૂષોને સમાન વેતન મળી રહે તેવા પ્રયત્નો કરવા.
૫. ખેતમજૂરોને પ્રોઢ શિક્ષણ અંતર્ગત શિક્ષણ પૂરું પાડવું કે જેથી તેઓ વાંચી લખી શકે તેમજ તેમના બાળકોને યોગ્ય શિક્ષણ આપી શકે.
૬. સરકારી યોજનાઓ દ્વારા જેવી કે આવાસ યોજના, મહિલા સશક્તિકરણ, જનધન યોજના અને સુકન્યા સમૃદ્ધિ યોજના થકી લોકોને જાગૃત કરી તેના લાભો અપાવવા.
૭. ગ્રામીણ વિસ્તારોમાં સરકારી યોજનાઓ અમલી બનાવવી જેમ કે મનરેગા યોજના દ્વારા ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ.
૮. ખેતમજૂરી કરતી સમયે અકસ્માત દરમ્યાન ગંભીર રીતે ઘાયલ થયેલ શ્રમિકોને માલિક તરફથી યોગ્ય વળતર મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ.
૯. ખેતમજૂરોને ફરજિયાત વીમા કવચ પૂરું પાડવામાં આવે જેથી આકસ્મિક બનાવ સમયે મૃત્યુના કિસ્સામાં મજૂરના પરિવારને આર્થિક સહાય મળી રહે.
૧૦. ગ્રામીણ વિસ્તારમાં રહેતા અને ખેતી સાથે સંકળાયેલા ખેતમજૂરોના જીવન ધોરણમાં નોંધપાત્ર સુધારો આવે તેમજ તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થાય તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ.

## સંદર્ભગ્રંથ:

1. Agricultural Growth in Indian Economy - Regional Experiences and policies, the Indian Economic Journal, Special Issue, December - 2013.
2. Alagh, Yoginder. K., 1989/1995, Planning and Policies for Indian Agricultural Research, Shastri Memorial Lecture, Reprinted in ICAR. Landmarks in Indian Agriculture.
3. Alagh, Yoginder. K., 1994, Macro Policies for Indian Agriculture, in FAO, Economic Liberalization and Indian Agriculture, New Delhi, ISID, pp 23-54.
4. Dr. Muna Kalyani, Indian Agricultural Labour, Policy, Prospects & Problems, International Journal of Social Relevance & Concern, ISSN-2347-9698, Volume 4 Issue 2 February 2016.
5. Dyson, T., 2003a, New Population Projections for India , Wellcome Trust India Project Paper No.1, London, L.S.E.
6. Ref - An Analytical Study on the Socio-economic Status of Agricultural Labour in Bishnupur District, Manipur, Dr.Oinam Sanaton Singh, International Journal of Humanities and Social Science Invention (IJHSSI), January 2019
7. Sing C.B., A Text Book of Agricultural Economics, Laxmi Publications P.Ltd., New Delhi, 2011.
8. www.agriculture.com
9. www.agriculture.geder.net
10. www.agriculture.online.home
11. www.agriculture.tradeworlds.com
12. www.agrifacts.com